# સાઠંબા સહકારી જીનમાં રાખેલ કોટનમાં આગ

## આગની ઘટનાને પગલે અફરાતફરીનો માહોલ સર્જાયો : આર.કે કોટન ઇન્ડસ્ટ્રીઝનો કપાસ બળીને ખાખ

બાયડ તાલુકાના સાઠંબા ખાતે સહકારીજીનમાં કોટન ઈન્ડસ્ટ્રીઝ દ્વારા મુકાયેલ કપાસનો જથ્થો આગ લાગી ઉઠતાં બળીને ખાખ થઈ ચુક્યો હતો. એકાએક લાગેલી આગને કારણે સહકારી જીન ખાતેના વેપારીઓમાં દોડધામ મચી હતી.સાંજના સમયે લાગેલી આગમાં ફાયર ફાઈટરોની મદદથી આખરે આગ ઉપર કાબુ મેળવાયો હતો.

બાયડ તાલુકાના સાઠંબા ખાતે સહકારીજીન કમ્પાઉન્ડમાં આર.કે.કોન્ટકસ નામની કોટન ઈન્ડસ્ટ્રીઝનો કપાસનો મોટો જથ્થો ખુલ્લામાં મુકવામાં આવ્યો હતો. શુક્રવારે ઢળતી સાંજે કપાસના જથ્થામાં એકાએક આગ લાગી ઉઠી હતી.જેનાં પગલે સહકારીજીન ખાતેના અન્ય વેપારીઓમાં પોતાનો માલ બચાવવા દોડધામ મચી હતી.અચાનક લાગેલી આગે પ્રચંડ સ્વરુપ તેનાં પર કાબુ મેળવવા બાયડ નગરપાલિકા અને કપડવંજ ખાતેથી ૨ ફાયર ફાઈટર બોલાવાવમાં આવ્યાં હતાં.ફાયર ફાઈટરોની મદદથી આગ ઉપર કાબુ મેળવતા સહકારી જીન ખાતેના અન્ય વેપારીઓએ પણ રાહતનો સ્વાસ લીધો હતો.સહકારી જીન ખાતે લાગેલી આગમાં અંદાજે વેપારી પેઢીનો ૨ લાખથી વધુંનો કપાસનો માલ સળગી ગયો હોવાનો અંદાજ લગાવાઈ રહ્યો છે. જોકે તાપસ બાદ જ વધું વિગતો સામે આવી શકે તેમ છે.

## વક્તૃત્વ સ્પર્ધામાં ઉત્તર ગુજરાત કક્ષાએ પાલ્લા હાઈસ્કૂલ ઝળકી

મોડાસા, તા.૭

અરવલ્લી જિલ્લામાં ભીલોડા એન.આર.એ. વિદ્યાલય ખાતે ઉત્તર ગુજરાત કક્ષાનો ૫૧મો યુવક મહોત્સવ યોજાયો. જેમાં ભીલોડા તાલુકાની પાલ્લા હાઈસ્કૂલના શિક્ષક વિશાલ. એન. પ્રજાપતિ વક્તૃત્વ સ્પર્ધામાં પ્રથમ નંબર પ્રાપ્ત કરીને પાલ્લા હાઈસ્કૂલ તથા પાલ્લા ગામનું ગૌરવ વધારેલ છે. આ શ્રેષ્ઠ સિધ્ધિ બદલ શાળાના આચાર્ય ગજાનંદભાઈ પ્રજાપતિ, મંત્રી ભાનુભાઈ જોષી તથા શાળા પરિવારે ખૂબ ખૂબ અભિનંદન પાઠવી આગામી રાજયકક્ષાની સ્પર્ધા માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

# મહેસાણા પાસે બસને હાઈજેક કરી ત્રણ આંગડિયા પેઢીના કર્મીઓને લૂંટનારા ઝડપાયા

## મહેસાણા એલસીબી, એસઓજી, લાંઘણજ, નંદાસણ અને અમદાવાદ સિટી ક્રાઇમ બ્રાન્ચની ટીમ દ્વારા તપાસનો ધમધમાટ

ડીસા, તા. ૭

મહેસાણા હાઈવે પર વોટરપાર્ક નજીક ગુરુવારે સમી સાંજે બંદૂકના નાળચે એસટી બસને હાઈજેક કરી આંગડિયા પેઢીના કર્મચારીઓ પાસેના મુદ્દામાલની લૂંટ ચલાવાતા ચકચાર મચી છે.

ગુજરાતમાં એસ.ટી. બસમાં લૂંટ ચલાવવાની આ પ્રથમ ઘટનામાં એચ. પ્રવિણચંદ્ર, જયંતિ સોમા અને વસંત અંબાલાલ નામની આંગડિયા પેઢીના કર્મીચારીઓ ડીસાથી નીકળ્યા બાદ પાલનપુરથી અમદાવાદ જતી ઊંઝા ડેપોની એસ.ટી. બસમાં બેઠા હતા. જોકે જી.જે.૧૮.ઝેડ.૪૩૩૫ નંબરની આ બસમાં ઉનાવાથી બેઠેલા આઠ હથિયારધારી શખ્સોએ



બસચાલકને બંદૂક ભીડાવી નંદાસણ નજીક બસને હાઈજેક કર્યા બાદ આંગડિયા પેઢીના કર્મચારીઓ પાસેથી હીરા, સોના ચાંદી અને રોકડ રકમ ભરેલા ૫ થેલાની લૂંટ ચલાવી હતી.

બાદમાં આ શખ્સો જી.જે.૧૮. બી.એ.૫૦૮૭ નંબરની કારમાં ફરાર થઈ ગયા હતા. જોકે આ ઘટના અંગે બસમાં બેઠેલા એક મુસાફરે પોતાના નિવૃત્ત પીએસઆઈ પિતાને ફોન કરીને ઘટનાની જાણ કરતાં તેમણે કંન્ટ્રોલ રૂમમાં જાણ કરી હતી. જેના પગલે મહેસાણા જિલ્લા પોલીસ કંન્ટ્રોલ રૂમમાંથી લૂંટનો મેસેજ છોડાતાં જિલ્લાભરમાં નાકાબંધી કરી તપાસ હાથ ધરાઈ હતી. આ ઘટનામાં ઊંઝાના વિષ્ણુભાઈ પટેલે ૧૦ લાખની લૂંટની ફરિયાદ નોંધાવી છે.

આ ઘટનામાં ખેરાલુની ગેંગના ત્રણ આરોપીઓને પોલીસે દબોચી લઈ લૂંટમાં વપરાયેલ જાયલો ગાડી પણ કબજે કરી લીધી હોવાનું જાણવા મળ્યું છે.




તસવીર : કાંતિલાલ લોધા

## લ્યો બોલો : રોડ કોન્ટ્રાક્ટરે ગામનું નામ જ બદલી દીધું...!

સરકાર દ્વારા જે એજન્સીઓને કામ સોપવામા આવે છે તેઓ ઘણી વખત ગંભીર છબરડા સર્જી લોકોમા સરકારની ખરાબ છબી સર્જતા હોય છે આવીજ ધટના પાટણ જીલ્લાના સરસ્વતી તાલુકાના ખારેડાથી શંકરપુરા વહાણાને જોડતા રોડ પર જોવા મળી રહી છે.જેમા રોડની સાઈડ મા કિલોમીટરના જે પથ્થર મારવામા આવ્યા છે તેની પર 'ખારેડા'ને બદલે 'ખાડેડા'લખી દેવાયુ છે ત્યારે આ ગામનુ નામ ખારેડા છે સરકારી દફ્તરમા ખારેડા ચાલે છે ત્યારે આ લખવા વાળાએ 'ખાડેડા' કયા આધારે લખ્યુ તેની તપાસ કરી આ એજન્સીનો કોન્ટ્રાકટ સરકારે રદ કરવો જોઈએ તેવી માંગણી છે. કેમકે આવી એજન્સીઓ સરકારની આબરૂ બગાડી કર્યા પર પાણી ફેરવતી હોય છે

# ભાથીજીના મુવાડા ગામે બાળકી અપહરણના ગુન્હામાં સંડોવાયેલા બે આરોપીઓ પકડાયા

બાયડ, તા. ૭

બાયડના ભાથીજીના મુવાડા ખાતે આવેલા ઈંટવાડામાં મજૂરી અર્થે સુરેન્દ્રનગર જીલ્લાના પ્રતાપભાઈ જયરામભાઈ ઓડ તેમના પરિવાર સાથે રહે છે. ૨૯ ડિસેમ્બરે રાત્રીના સુમારે પ્રતાપભાઈ અને તેની પત્ની ત્રણ બાળકોને રહેઠાણ પર મૂકી ૩૦ મીટર દૂર ઈટોના ભઠ્ઠા પર મજૂરી માટે ગયા હતા. ત્યારબાદ વહેલી પરોઢે રહેઠાણ સ્થળ પર પરત ફરતા બે બાળકો સુતેલા જોવા મળ્યા હતા. જયારે ઘોડિયામાં સુતેલી ૬ માસની નિકિતાનું અપહરણ પ્રેમીને પામવા લક્ષ્મી નામની મહિલાએ કર્યું હતું.

જેમાં લક્ષ્મીએ પૈસાની લાલચ આપી ગામના જ હિતેશભાઈ પરબતભાઈ સોલંકી અને ભવાનસિંહ ઉર્ફે મુકેશ ચંદુસિંહ સોલંકીની મદદગારીથી બાઈક પર અપહરણ કર્યું હોવાનું બહાર આવતા લક્ષ્મીને પકડી પાડવામાં જિલ્લા એલસીબી પોલીસે અને બાયડ પોલીસને સફળતા મળી હતી અને બાળકીનો પણ રાજકોટથી હેમખેમ છોડાવી પરિવારજનોને સોંપી હતી. જિલ્લા પોલીસે અપહરણના ગુન્હામાં સંડોવાયેલા બંને આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કરતા શુક્રવારે બંને આરોપીઓને ઝડપી પાડી રિમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરી હતી.

અરવલ્લી જિલ્લા એલસીબી પોલીસે અને બાયડ પોલીસે બંને આરોપીઓને ઝડપી પાડવા ઠેર ઠેર છાપા માર્યા હતા પરંતુ આરોપીઓ પકડથી દૂર રહ્યા હતા. બાળકી અપહરણ કરનાર લક્ષ્મી નામની મહિલા બુધવારે ઝડપાયા બાદ રિમાન્ડ માટે કોર્ટમાં રજુ કરતા કોર્ટે રિમાન્ડ ના મંજુર કરતા સબજેલમાં મોકલી આપી હતી. અપહરણમાં ગુન્હામાં બાઈક લઈ મદદગારી કરનાર ભાથીજીના મુવાડા ગામના હિતેશભાઈ પરબતભાઈ સોલંકી અને ભવાનસિંહ ઉર્ફે મુકેશ ચંદુસિંહ સોલંકીને ઝડપી પાડવામાં સફળતા મળી હતી.



તસવીર : કાંતિલાલ લોધા

## ડીસા ખાતે હિન્દુસભાના પ્રચાર માટે વિશ્વ હિન્દૂ પરિષદ દ્વારા બાઇક રેલી યોજાઈ

ડીસા ખાતે વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા નવમી ડિસેમ્બરના રોજ યોજાનાર વિરાટ હિન્દુ સમ્મેલનના પ્રચાર-પ્રસાર માટે ગતરોજ વીશાળ બાઈક રેલી યોજાઈ હતી.લોકસભાની ચૂંટણી જેમ જેમ નજીક આવી રહી છે તેમ તેમ રામ મંદિરનો મુદ્દો પણ ઉછળવા લાગ્યો છે અને વિશ્વ હિન્દુ પરિષદે પણ હવે રામ મંદિરના મુદ્દાને તેજ બનાવી દીધો છે.. ત્યારે બનાસકાંઠા જીલ્લાના ડીસા ખાતે આગામી નવમી ડિસેમ્બરે હવાઈ પિલ્લર ખાતે યોજાનાર વિશાળ હિન્દુ સભામાં રામ મંદિરના મુદ્દા માટે હિન્દુઓને એકત્રિત કરવા વિશ્વ હિન્દુ પરિષદ આ હિન્દુ સભાના પ્રચાર પ્રસાર માટે ગતરોજ વિશાળ બાઈક રેલી યોજાઈ હતી. રામમંદિરના મુદ્દે યોજાયેલી આ બાઈક રેલી દરમ્યાન ડીસા શહેરના મુખ્ય માર્ગો પર રામલલ્લાનો જયનાદ ગુંજી ઉઠ્યો હતો. ડીસા શહેરમાં આ રેલી યોજાયા બાદ આજે શનિવારે ડીસા તાલુકાનાં ગામડાઓમાં પણ રેલી યોજી હિન્દુ સભા માટે જોરશોરથી પ્રચાર કરાશે તેવું વિશ્વ હિન્દુ પરિષદના સૂત્રોએ જણાવ્યું હતું.

# પ્રાંતિજ નગરપાલિકા દ્વારા આંબેડકર શોપીંગમાં શરતભંગ દુકાનદારો સામે લાંલ આંખ

પ્રાંતિજ, તા. ૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નગરપાલિકા વિસ્તારમાં આવેલ આંબેડકર શોપીંગ સેન્ટરમાં દુકાનમાલિકો દ્વારા કરવામાં આવેલ શરતભંગ તથા પાલિકાનો વેરા સહિતના બાકીદારોને લઈને પ્રાંતિજ નગરપાલિકા દ્વારા દુકાનોમાં સીલીંગ મારવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

પ્રાંતિજ ભાખરીયા વિસ્તારમાં આવેલ પ્રાંતિજ નગરપાલિકાનું પોતાનું શોપીંગ આંબેડકરમાં આવેલ દુકાનોનો છેલ્લા ત્રણથી ચાર વર્ષથી વેરો તથા દુકાન માલિકો દ્વારા જાહેરમાં શરતભંગ કર્યાને લઈને પ્રાંતિજ નગર પાલિકા દ્વારા નોટીસો આપ્યાં બાદ આખરે માંડ- માંડ લાલ આંખ કરવામાં આવી છે અને પાલિકા પોતાના જ શોપીંગમાં શરતભંગ તથા દુકાનના વેરા બાકીદારોની દુકાનોને સીલ મારવાની કામગીરી હાથ ધરવામાની હોઈ પ્રાંતિજ નગરપાલિકા દ્વારા તા.૧૦-૧૨-૨૦૧૮ને સોમવારના રોજ પોલિસ પ્રોટેક્શન પણ માંગવામાં આવ્યું છે તો સાથે સાથે બજારમાં દબાણ મામલે આપેલ નોટીસોને લઈને બજારના વેપારીઓ દ્વારા જાતે દબાણ દુર ના કરવામાં આવતાં આખરે પાલિકા દ્વારા બજારમાં નળતરરૂપ સેડ સહિતના બોર્ડ સહિતનું દબાણ દુર કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. હાલ તો વેરા બાકીદારો, પાલિકા શોપિંગમાં શરતભંગ કરનાર દુકાનમાલિકો તથા દબાણ કરતાં વેપારીઓમાં ફફડાટ ફેલાયો છે. ત્યારે હવે જોવાનું એ રહ્યું કે શું પ્રાંતિજ નગર પાલિકા દ્વારા ખરેખર પોતાના જ શોપીંગ સેન્ટરમાં કાયદેસરની કાર્યવાહી કરશે કે પછી કેટલાક પાલિકા કોર્પોરેટરોની દખલગીરીથી ફરી નગરપાલિકા પાછું નમતું જોખશે કે કેમ એ તો હવે આવનાર દિવસોમાં જ ખબર પડશે.

### ચીફ ઓફિસર વિશાલભાઈ પટેલનું શું કહેવું છે

પાલિકા દ્વારા દબાણ કરતાં વેપારીઓ તથા અમારા ખુદના શોપીંગમાં અમે દુકાનવેરા બાકીદારો તથા શરતભંગ કરનારા દુકાનદારોને અગાઉ નોટીસો આપી છે અને વેપારીઓ દ્વારા કોઈજ કાર્યવાહી હાથ ના ધરવામાં આવતાં આખરે અમે સોમવારના દિવસે દબાણ દુર કરવામાં આવશે તથા વેરા બાકીદારો તથા શરતભંગ કરનાર વેપારીઓની દુકાનને પણ સીલ મારવાની પ્રક્રિયા હાથ ધરવામા આવશે જેમાં પ્રાંતિજ પોલિસને અમે અગાઉથી જાણ કરી પોલીસ સહકાર સાથે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામા આવનાર છે.





## ડૉ. બાબાસાહેબ આંબેડકરની પુણ્યતિથિ નિમિત્તે કેન્ડલ માર્ચ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ડૉ.બાબા સાહેબ આંબેડકરની પુણ્યતિથિ નિમિતે કેન્ડલ માર્ચ દ્વારા શ્રધ્ધાંજલી આપી પ્રાર્થના સભા યોજાઈ. પ્રાંતિજ ભાંખરીયા બસ સ્ટેન્ડ ખાતે આવેલ ડૉ.બાબા સાહેબ આંબેડકરની પ્રતિમા ખાતે ડૉ બાબા સાહેબ આંબેડકરની પુણ્યતિથિ નિમિતે ડૉ.બાબા સાહેબ આંબેડકરની પ્રતિમા આગળ સમાજના ભાઈઓ દ્વારા કેન્ડલ માર્ચ યોજાઈ શ્રધ્ધાંજલી આપી હતી. અને પ્રતિમા આગળ પ્રાર્થના સભા પણ યોજાઈ હતી. આ પ્રસંગે સમાજના આગેવાનો કાર્યકરો યુવાનો વડીલો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને મીણબત્તી સળગાવીને કેન્ડલ માર્ચ દ્વારા શ્રધ્ધાંજલી આપવામાં આવી હતી અને પ્રાર્થના સભા પણ યોજાઈ હતી.

# પ્રાંતિજ ત્રણ રસ્તા પાસે ત્રિપલ અકસ્માત

## આઇ-૨૦, ઇકોકાર અને એક્ટીવા વચ્ચે અકસ્માત : ઇકો કારમાં સવાર તથા આઇ-૨૦ માં સવાર આઠને ઇજાઓ પહોચતા સારવાર અર્થે ખસેડવામાં આવ્યા

પ્રાંતિજ, તા. ૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના ત્રણ રસ્તા પાસે રાત્રીના સમયે ગમખ્વાર ત્રિપલ અકસ્માત થતાં આઠને ઈજાઓ પહોચી હતી જેમાં એકટીવા ચાલકને ગંભીર ઈજાઓ પહોચતા ૧૦૮ મારફતે હિંમતનગર ખાતે ખસેડવામાં આવ્યો હતો. વધુ સારવાર અર્થે ગાંધીનગર ખાતે ખસેડવામાં આવ્યો હતો.

પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ પ્રાંતિજના ત્રણ રસ્તા પાસે અમદાવાદ તરફથી ફુલફાસ્ટ આવતી આઈ-૨૦ કાર જીજે.૦૧.આરએસ.૪૯૬૧ના ચાલકે પ્રાંતિજ તરફ આવતું એકટીવા જીજે.૦૯. વીસી.૧૨૯૯ના ચાલકને ટક્કર મારી અડફેટે લઈ હિંમતનગર તરફ જતી ઈકોકાર જીજે૦બીડી.૧૩૬૨ને અડફેટે લીધી હતી. આઈ-૨૦ના ચાલકે ફુલફાસ્ટ હંકારી લાવી એકટીવાને ટક્કર મારતાં એકટીવાના બધાજ સ્પેરપાર્ટસ અલગ થઈ ગયાં હતાં. એકટીવા કુચડો થઈ ગયો હતો તો ઈકોને પણ ટક્કર મારતાં ઈકોનો આગળનો ભાગ કુચડો થઈ ગયો હતો. અકસ્માત એટલો ભયંકર હતો કે એકટીવા અને ઈકોને ટકકર મારી આઈ-૨૦ કાર રોડની વચ્ચે આવેલ લોખંડની ડીવાઈડર ઉપર પલ્ટી ખાઈ ગઈ હતી. આઈ-૨૦ કારનો પણ કુચડો થઈ ગયો હતો. એકટીવા ચાલક ખુમાનસિંહ ભવરસિંહ મૂળ રહે. આભા હાલ રહે. પ્રાંતિજ ગ્રીનપાર્કને માથાના ભાગે હાથે પગે અને શરીરે ગંભીર ઈજાઓ પહોચતા તેને ૧૦૮ મારફતે હિંમતનગર ખાતે ખસેડવામાં આવ્યો હતો અને હિંમતનગરથી પ્રાથમિક સારવાર બાદ તેને ગાંધીનગર ખાતે ખસેડવામાં આવ્યો છે. ઈકો તથા આઈ-૨૦માં સવાર સાતને શરીરે તથા માથાના ભાગે ઈજાઓ પહોચતા તેવોને પ્રાંતિજ સિવિલ ખાતે ખસેડવામાં આવ્યા હતાં.



ઈકો કારમાં સવાર ઈજાગ્રસ્તોના નામ

ધાર્મિક કિર્તીજી પરમાર, દશરથસિંહ શામળસિંહ પરમાર, ભાવનાબેન સુભાષસિંહ પરમાર, સુભાષજી શામળજી પરમાર, નીરૂબેન કિર્તીજી પરમાર, તારાબેન શામળભાઈ પરમાર તમામે તમામ રહે. સલાલ, તા.પ્રાંતિજ



## મોડાસામાં કેન્ડલ માર્ચ યોજી ટીંટોઈમાં ભીમ ડાયરા સાથે મહાપરિનિર્વાણ દિવસની ઉજવણી

મોડાસા, તા. ૭

વિશ્વ વિભૂતિ અને ભારતીય બંધારણના ઘડવૈયા ડૉ.બાબા સાહેબ આંબેડકરના ૬૩માં મહાપરિનિર્વાણ દિવસની ઉજવણી નીમીત્તે મોડાસા પ્રદેશ ભીમ સૈનિક પરિવાર દ્વારા પારસ સોસાયટીના પટાંગણમાં કેન્ડલમાર્ચ યોજી શ્રદ્ધાંજલિ અર્પણ ડૉ.બાબા સાહેબ આંબેડકરની ડોક્યુમેન્ટરી ફિલ્મ પ્રોજેક્ટર દ્વારા દર્શાવામાં આવી હતી. જેમાં મોડાસા શહેરના અનુ.જાતિ સમાજના અબાલ, વૃદ્ધ સૌ કોઈ ઉપસ્થિત રહ્યા હતા.

મોડાસાના ટીંટોઈ ગામે ડૉ. બાબા સાહેબ આંબેડકરની ગામના ચોકમાં પ્રસ્થાપિત પ્રતિમાને ફુલહાર પહેરાવી, કેન્ડલ માર્ચ યોજી રાત્રીના સુમારે ભીમ ડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું.

# પાલનપુરમાં સોની વેપારી પર હૂમલો કરી લૂંટની કોશિષ

## મોટીબજાર વિસ્તારમાં દુકાને જતી વખતે બુકાનીધારી શખ્સે લાકડી વડે હૂમલો કર્યો : સોની બજારના વેપારીઓની પોલીસ પોઇન્ટ મુકવા માંગ

પાલનપુર

પાલનપુરના મોટીબજાર વિસ્તારમાં શુક્રવારે સવારે દુકાને જઈ રહેલા સોની વેપારી ઉપર



બુકાનીધારી શખ્સે લાકડી વડે હૂમલો કરી લૂંટ કરવાની કોશિષ કરવામાં આવતાં ચકચાર મચી જવા પામી હતી. આ અંગે વેપારીના પુત્રએ પોલીસ મથકે નોંધાવેલી ફરિયાદના આધારે પોલીસે અજાણ્યા લૂંટારૂનું પગેરૂ મેળવવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

પાલનપુરમાં શુક્રવારે વહેલી સવારે બનેલી લૂંટની કોશિષની ઘટનાની વિગતો એવી છે કે, ભવરલાલ જવાનમલ સોની (ઉ.વ.૬૫) મોટીબજાર વિસ્તારમાં જનતા કચોરીની સામેની ગલીમાં સોના – ચાંદીની દુકાને જતાં હતા. તે દરમિયાન મોઢા ઉપર બુકાની બાંધીને આવેલા અજાણ્યા શખ્સે તેમના ઉપર લાકડી વડે હૂમલો કરી લૂંટ કરવાની કોશિષ કરી હતી. જોકે, આજુબાજુના લોકો દોડી આવતાં આ શખ્સ નાસી છુટ્યો હતો. દરમિયાન એકત્ર થયેલા લોકોએ ભવરલાલ સોનીને પાલનપુર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કર્યા હતા. આ અંગે વેપારીના પુત્ર રવિભાઈ સોનીએ પાલનપુર પૂર્વ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે અજાણ્યા શખ્સનું પગેરૂ શોધવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

### સીસીટીવીના ફૂટેજમાં અજાણ્યો શખ્સ દેખાયો

લૂંટના પ્રયાસની ઘટનાને પગલે એલસીબી પીઆઈ જે. એચ. સિંઘવ, પૂર્વ પોલીસ મથકના પીઆઈ પી. એચ. વસાવા ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. જેમણે ઘટનાસ્થળે લગાવેલા સીસીટીવી કેમેરાના ફૂટેજ જોતા લાલ શર્ટ પહેરેલો અજાણ્યો શખ્સ જણાઈ આવ્યો હતો. જેને ઝડપી લેવા માટે તપાસના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.